# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-07-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે આકાશવાણી પરથી મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચાર રજૂ કર્યા હતા. મન કી બાતની 112મી કડીમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે ઑલિમ્પિક આપણા ખેલાડીઓને વિશ્વ પટલ પર તિરંગો લહેરાવવાની તક આપે છે. તેમણે ખેલાડીઓનો ઉત્સાહ વધારવા દેશવાસીઓને અનુરોધ કર્યો હતો. શ્રી મોદીએ આંતરરાષ્ટ્રીય ગણિત ઑલિમ્પિયાડમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા બદલ દેશના વિદ્યાર્થીઓની સરાહના કરી.

વિશ્વભરમાં આવતીકાલે વાઘ દિવસ મનાવાશે. આ અંગે વાત કરતાં પ્રધાનમંત્રીએ કહ્યું કે વાઘ, આપણી સંસ્કૃતિનો અભિન્ન ભાગ રહ્યા છે, લોક ભાગીદારીને ભારતમાં વાઘની વસતિ પ્રતિવર્ષ વધી રહી છે.

**(BYTE – 28 07 2024 PM MANN KI BAAT (TIGER DAY)**

પ્રધાનમંત્રીએ સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં હર ઘર ત્રિરંગા અભિયાન અંતર્ગત દેશવાસીઓના ઉત્સાહ અંગે વાત કરી હતી. પહેલાંની જેમ આ વર્ષે પણ 'harghartiranga.com' પર તિરંગાની સાથે પોતાની સેલ્ફી જરૂર અપલોડ કરવા પણ અનુરોધ કર્યો હતો.

**(BYTE – 28 07 2024 PM MANN KI BAAT (HAR GHAR TIRANGA)**

પ્રધાનમંત્રીએ કહ્યું કે, PARI અર્થાત્ Public Art Of India એ ઉભરતા કલાકારોને એક મંચ પર લાવવાનું માધ્યમ બની રહ્યું છે. શ્રી મોદીએ આ પ્રોજેક્ટ અંતર્ગત રસ્તાઓના કિનારે, દિવાલો પર, અંડરપાસમાં સુંદર ચિત્રો દોરતા કલાકારોની પ્રશંસા કરતાં કહ્યું કે તેનાથી આપણા સાર્વજનિક સ્થાનોની સુંદરતામાં વધારો થયો છે.

મન કી બાત કાર્યક્રમમાં શ્રી મોદીએ હરિયાણાના રોહતક જિલ્લાના હાથશાળ ઉદ્યોગ સાથે જોડાયેલી 250થી વધુ મહિલાના જીવનમાં આવેલા પરિવર્તન વિશે વાત કરી હતી. કપડા પર રંગોનો જાદુ વિખેરનારી આ મહિલાઓ આજે લાખો રૂપિયા કમાઈ રહી છે. હૅન્ડલૂમની સાથો સાથ ખાદીની વાત કરતાં ખાદીનાં ઉત્પાદનોનો ઉપયોગ કરવા પ્રધાનમંત્રીએ સૌને  અપીલ કરી હતી. તેમણે ખુશી વ્યક્ત કરી કે ખાદી ગ્રામોદ્યોગનો વેપાર પહેલી વાર દોઢ લાખ કરોડ રૂપિયાને પાર પહોંચી ગયો છે. પ્રધાનમંત્રીએ માદક પદાર્થના દૂષણની વાત કરતાં કહ્યું કે, આવા પદાર્થો સામેની લડાઈમાં સરકારે શરૂ કરેલી માનદ સેવા અંતર્ગત એક ટોલ ફ્રી નંબર જાહેર કરાયો છે. જેના પર કૉલ કરીને કોઈ પણ આવશ્યક સલાહ લઈ શકે છે.

------------------

## GIR SOMNATH – ANAJ NO JATHHO

ગીર સોમનાથ જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ ડી જાડેજાએ ટ્રકનાં કન્ટેનરમાંથી અનઅધિકૃત રીતે સંગ્રહિત 14 હજાર 210 કિલોગ્રામ અનાજનો જથ્થો પકડી પાડ્યો હતો.

ગીરસોમનાથના અમારા પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે કલેક્ટર, જિલ્લા પુરવઠા અધિકારી, સુત્રાપાડાના મામલતદારની ટુકડીએ લોઢવા કોડીનાર રોડ પર સબ સ્ટેશન પાસે એક ગોડાઉનમાં દરોડા પાડ્યા હતા. અહીં તપાસ કરતા અંદાજિત કુલ 15 લાખ, 83 હજાર, છસ્સો સિત્તેર રૂપિયાની કિંમતનો અનાજનો જથ્થો મળતાં  કન્ટેનરને સીઝ કરાયું છે.

-----------------

## CHANDIPURA NIV TEAM

નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ વાયરૉલૉજી પુણેની ટીમે આજે અરવલ્લી જિલ્લાના મેઘરજ અને ભિલોરા તાલુકામાં સેન્ડફ્લાય એટલે કે, માટીની માખી અને રક્ત નમૂના લીધા હતા. હવે આ નમૂનાની પ્રયોગશાળામાં તપાસ કરવામાં આવશે. રાજ્યમાં ચાંદીપુરાના કેસ સામે આવતાં નમૂના N.I.V. પુણે ખાતે તપાસ માટે મોકલવામાં આવ્યા હતા, જેને ધ્યાનમાં રાખી N.I.V. પુણેની 2 ટુકડી મેઘરજના ઢેકવા અને ભિલોરાના મોટા કંથારિયા ગામે આવી હતી.

------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

....................................